# Day to Day Current Affairs

**5. ઓક્ટોબર 2015**

## ૧. શશાંક મનોહર :

- તાજેતરમાં શશાંક મનોહર ભારતીય ક્રિકેટ બોર્ડ (BCCI)ના પ્રમુખ તરીકે વરણી થઇ.

- જગમોહન દાલમિયાના નિધન બાદ તેમનું ખાલી પડેલુ પદ હવે મનોહર સંભાળશે.

- બિનહરીફ ચૂંટાયેલા મનોહરનો કાર્યકાળ 2017 સુધી રહેશે.

- મનોહર BCCIના પ્રમુખ પદે બીજીવાર નિયુક્ત થયા છે. અગાઉ તેઓ 2008 થી 2011 દરમિયાન આ હોદ્દો સંભાળી ચૂક્યા છે.

- પ્રમુખ પદે ચુંટાયા બાદ તેમણે મહિલા ક્રિકેટરોને પણ સેન્ટ્રલ કોન્ટ્રાકટ આપવાની જાહેરાત કરી હતી જે પુરૂષ ક્રિકેટરો માટે 11 વર્ષ પહેલા શરૂ કરી દેવામાં આવી હતી.

- BCCI માં એથિકસ ઓફિસરની નિમણુંક તેમજ તમામ બેઠક BCCI ના હેડક્વાટરમાં યોજવાની જાહેરાત કરી હતી.

- BCCI દ્વારા કરવામાં આવતા રૂ 50 લાખથી વધુના ખર્ચાની ડિટેઇલને ઓનલાઇન ઉપલબ્ધ કરાવાશે તેમજ BCCIની બેલેન્સસીટ જાહેર કરવામાં આવશે.

## ૨. ભારત 2017માં શુટિંગ વર્લ્ડકપની યજમાની કરશે :

- વર્ષ 2017માં ભારતમાં શુટિંગ વર્લ્ડકપ યોજશે.

- આ વર્લ્ડકપ શોટગન, પિસ્તોલ અને રાઇફલ ઇવેન્ટનો પણ સમાવેશ કરવામાં આવશે.

- આ ઇવેન્ટમાં ભાગ લેવા માટે વિશ્વના ટોચના શુટરો ભારત આવશે. કારણ કે 2020માં ટોકિયામાં રમાનારા ઑલિમ્પિકના 70 સ્પર્ધકો આ વર્લ્ડકપના પર્ફોર્માન્સને આધારે નક્કી થશે.

- આંતરરાષ્ટ્રીય શુટિંગ સ્પોટર્સ ફેડરેશ દ્વારા વર્ષ દરમિયાન કુલ મળીને ચાર વર્લ્ડકપનું આયોજન કરવામાં આવે છે જેમાનો એક વર્લ્ડકપ ભારતને મળ્યો છે.

## ૩. સૂરભી ચાવડા – પર્વતારોહક :

- તાજેતરમાં ઇન્ડિયન માઉન્ટેનીયરીંગ ફાઉન્ડેશન દ્વારા આયોજીત કલાઇમ્બથોન 2015માં પંસદગી પામેલ ગુજરાતની એકમાત્ર પર્વતારોહક.

- કલાઇમ્બથોન 2015માં તેણે હિમાચલ પ્રદેશના બારા સિગર ગ્લેશિયર વિસ્તારમાં આવેલા એક 20560 ફુટ ઉંચા શીખર પર પોતાની ટીમ સાથે સફળતા પૂર્વક આરોહણ કર્યુ હતું.

- ઇન્ડિયન માઉન્ટેનીયરીંગ ફાઉન્ડેશન દર વર્ષે અનુભવી પર્વતારોહકને લઇને એક આલ્પાઇન માઉન્ટેનીયરીંગ લીડરશીપ પ્રોગ્રામનું આયોજન કરે છે જેને કલાઇમ્બથોન નામ આપાયું.

- કલાઇમ્બથોન 2015 માટે ગુજરાત માંથી એકમાત્ર સૂરભી તથા દેશભરના બીજા 27 અને 2 વિદેશી એમ કુલ 30 પર્વતારોહકની પસંદગી થઇ હતી.

- સૂરભી ચાવડા ગુજરાતના જુનાગઢના વતની છે.

Vivekanand Academy, Gandhinagar